ગાંધીનગર સમાચાર

તા. ૧૬-૩-૨૦૧૫, સોમવાર

## તંત્રી સ્થાનેથી....

# પાકિસ્તાનનાં પરમાણુ શસ્ત્રોની વેળાસર ચેતીએ

વૉશિંગ્ટનથી બહાર પડેલ 'એટોમિક સાયન્ટિસ્ટ' ના બુલેટીન મુજબ પાકિસ્તાન ભારત કરતાં મોટો અણુ શસ્ત્રોનો જથ્થો ધરાવતો દેશ છે. એના અહેવાલ મુજબ પાક પાસે ૧૨૦ પરમાણું હથિયારો છે જયારે ભારત ફક્ત ૧૧૦ અણુ શસ્ત્રો ધરાવે છે. ઈન્ફોગ્રાફિકની માહિતી મુજબ દુનિયાની મહાસત્તાઓ જયારે એમનાં અણુશસ્ત્રોની સંખ્યામાં નિરંતર ઘટાડો કરી રહ્યાં છે ત્યારે દેવાળિયું પાકિસ્તાન વધુ ને વધુ અણુ શસ્ત્રો જમા કરી પાડોશી ભારત કરતાં આ મુદ્દે ચડિયાતું હોવાનો દાવો કરવામાં ગૌરવ અનુભવે છે. ભારત માટે આ મુદ્દો ખરેખર ચિંતાનો વિષય ગણાવો જોઈએ. વાંદરાને દારૂ પાવા જેવી જ આ બાબત છે. પાકિસ્તાનના શાસકો પર ત્યાંની આર્મી અને કુખ્યાત ગુપ્તચર એજન્સી આઈએસઆઈની મજબૂત પકડ છે. પરમાણુ શસ્ત્રોના સંરક્ષણ મુદ્દે પણ પાકિસ્તાન ભરોસાપાત્ર દેશ નથી, એ સમજી લેવાની જરૂર છે. કાશ્મીર જેવા સંવેદનશીલ મુદ્દે એને પાડોશી હિન્દુસ્તાન સામે બાપે માર્યા વેર બંધાયેલ છે અને છેક ઝુલ્ફીકાર અલી ભુટ્ટોના જમાનાથી હિન્દુસ્તાન સામે એક હજાર વર્ષ સુધી લડી લેવાની ગુલબાંગો પોકારાતી રહી છે. ચીન અને અમેરિકા પોતપોતાની સ્વાર્થી ગણતરીઓ મુજબ પાકિસ્તાનને પંપાળતા રહ્યાં છે. એથી દેવાળિયા બની ગયેલાં આ ઈસ્લામિક રાષ્ટ્રમાં આતંકવાદનો ઉદ્યોગ ફૂલ્યોફાલ્યો છે. અન્નદાતા અમેરિકાની આંખોમં ધૂળ નાખીને પાકિસ્તાન ખૂંખાર આતંકવાદી ઓસામા બિન લાદેનને લશ્કરની નિગરાની હેઠળ જ આશ્રય આપ્યો હતો તે કોણ નથી જાણતું? અમેરિકા માટે નાઈન - ઈલેવનના ગુનેગારનું માથું પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની રહ્યું હતું. આખરે રાષ્ટ્રપતિ ઓબામાના હુકમ અન્વયે ગુપ્ત ઓપરેશન ચલાવીને એબટાબાદમાં પાક આર્મીની મહેમાનગતિ માણતા અલકાયદાના આકા ઓસામા બિન લાદેનને રાતોરાત ઝબ્બે કરી દેવાયો હતો. પરંતુ એ જ પદ્ધતિ ભારત એના મુંબઈ હુમલાના ગુનેગાર અને મોસ્ટ વૉન્ટેડ આતંકી દાઉદ ઈબ્રાઈમ સામે અપનાવી શક્યું નથી. ભારત સરકાર પણ પાક સાથે સમધારણ સંબંધો કેળવવાની જ કસરત કરતી રહી છે. ફક્ત ચૂંટણી જીતવા પૂરતા જ હાકલા પડકારા, થયા, પછી તો વહી રફતાર બઢેંગી! પાડોશીઓને બદલી શકાયા નથી, તે સાચું છે. પરંતુ એમના કાવતરાંથી સાવધ રહેવું જ રહ્યું. પાક કોઈ ભરોસાપાત્ર કે ખાનદાન પાડોસી રાષ્ટ્ર નથી. એ લુચ્ચું શિયાળ છે. વરુ કે દીપડાની જેમ એ લાગ જોઈને ત્રાટકતું રહ્યું છે. ભારતે દર વખતે જડબાતોડ જવાબ જરૂર વાળ્યો છે પરંતુ સામે જ ભારે ખુવારી પર વહોરી છે, તે સર્વિવિદત છે. હજી સુધી અણુશસ્ત્રોનો ઉપયોગ નથી થયો એટલે ભવિષ્યમાં કયારેય નહીં જ થાય એવા ખ્યાલોમાં રહેવું એ તો શાહમૃગ વૃત્તિ જ ગણાશે. ભારતે પાકિસ્તાનના અણુ શસ્ત્રાગાર પર ચાંપતી નજર રાખવી જ રહી.





ગાંધીનગર બ્રહ્મ સમાજ મહિલા પાંખ દ્વારા વિવિધ ક્ષેત્રની તેજસ્વી બાલિકાઓ, યુવતીઓ અને મહિલાઓનું સન્માન કર્યું. બ્રહ્મ સમાજ મહિલા પાંખ દ્વારા અવનવી સ્પર્ધાઓ પણ યોજાઈ હતી. સમાજની મહિલાઓ મોટી સંખ્યામાં કાર્યક્રમમાં રસપ્રદ જોડાઈ હતી.

# ઉદ્‌ગમ ટ્રસ્ટે સ્થાપના દિવસની ઉજવણી કરી બાળકોને સોલાર વિમાનની મુલાકાત કરાવી

ગાંધીનગર, તા. ૧૫

મહિલા અને બાળ કલ્યાણ ક્ષેત્રે સતત કાર્યશીલ ઉદ્‌ગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંસ્થાના ૧૮માં ફાઉન્ડેશન



દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આવો 'માણસ નહિ, વિચાર બદલીયે'ના અભિગમથી સહુના સહકારથી ઉદ્‌ગમ ચેરીટેબલ ટ્રસ્ટ વંચિતોના વિકાસ માટે સતત પ્રયત્નશીલ છે. ઉજવણી નિમિત્તે બાળકોને પ્રવાસે લઈ જવામાં આવ્યા હતા.

ઉદ્‌ગમ માત્ર એક ટ્રસ્ટ નથી પણ એ ટ્રસ્ટ પર ચાલે છે. ઉદ્‌ગમ એટલે ઉગવુ, પણ ઉદગમ પ્રમાણે, એકલા ઉગવા કરતાં, સૌની સાથે, સૌની વચ્ચે રહી, સૌને એક માધ્યમ આપવાના સતત પ્રયાસો કરી રહ્યા છીએ. ઉદ્‌ગમ હાલમાં ગુજરાત, આંધ્રપ્રદેશ અને તેલાનગણામાં વિવિધ પ્રકારના સેવા કાર્યો કરી રહ્યું છે. ટુંક સમયમાં દિલ્હી ખાતે પણ સંસ્થા પોતાની કામગીરીનો વિસ્તાર કરી રહી છે.

વિમાન એ દરેક ગરીબ માણસના એક સ્વપ્ન માત્ર છે અને તેમાય સોલાર વિમાન જોવું એ તેમના માટે એક લહાવો છે. તેથી ઉદ્‌ગમે તેના ૧૮માં જન્મદિનની ઉજવણીના ભાગરૂપે ગાંધીનગરના સેક્ટર-૨૪ના સ્લમ વિસ્તાર ઈન્દીરાનગરના બાળકોને અમદાવાદના આંગણે આવેલા માત્ર સોલાર પાવરથી સંચાલિત 'સોલાર ઈમ્પલ્સ-૨' પ્લેનની મુલાકાતે લઈ ગયા હતા. અનેક ખુબીઓ, ઝાઝી વિશેષતા અને કેટલીક મર્યાદાઓ ધરાવતું આ પ્લેન જોઈને સ્લમ વિસ્તારના બાળકોમાં ખુશીની લહેરની ફરી વળી હતી. ૨૧મી સદીની ક્રાંતિ સમાન સૌર વિમાન 'સોલાર ઈમ્પલ્સ-૨' અંગેની માહિતી તેના ક્રુ મેમ્બર નીકોલાસે અંગ્રેજીમાં આપતા તેનું ભાષાંતર ઉદ્‌ગમના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. મયુર જોશીએ ગુજરાતીમાં કરી બાળકોને માહિતી આપી હતી. બાળકોએ અતિશય આનંદની લાગણી વ્યક્ત કરતા તેમના વાલીઓએ ઉદ્‌ગમના આ અભિગમની પ્રશંસા કરી આ મુલાકાત બાળકો માટે પ્રેરણારૂપ સાબિત થશે તેવો મત વ્યક્ત કર્યો હતો.

# ધોરણ ૧૦ અને ૧૨માં આજે ગણિત વિષયનું પેપર લેવાશે

## ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં એક દિવસના અંતર બાદ અર્થશાસ્ત્રનું પેપર લેવાશે : સીસીટીવી મારફતે નજર હશે

ગાંધીનગર, તા.૧૫

ધોરણ ૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષામાં આવતીકાલે અતિ મહત્વપૂર્ણ પરીક્ષા લેવામાં આવનાર છે. એક દિવસના વિરામ બાદ આવતીકાલે ધોરણ ૧૦માં ખુબ જ ઉપયોગી ગણાતા મહત્વના વિષય ગણિતનું પેપર લેવામાં આવશે જ્યારે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં અર્થશાસ્ત્ર અથવા તો ઇકોનોમિકનું પેપર લેવામાં આવશે જ્યારે ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં બપોરના ગાળામાં ગણિતનું પેપર લેવામાં આવશે. ધોરણ ૧૦ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે આવતીકાલનું પેપર ખુબ જ ઉપયોગી હોવાથી વિદ્યાર્થીઓની સાથે સાથે વાલીઓ પણ સાવધાન રહ્યા હતા અને બાળકો ઉપર ખાસ ધ્યાન આપ્યું હતું.

શનિવારના દિવસે પણ અતિ મહત્વના વિષયની પરીક્ષા લેવાઈ હતી. ૧૪મી માર્ચે ધોરણ ૧૦માં વિજ્ઞાન અને ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં રસાયણ શાસ્ત્રના પેપરને લઇને કેટલાક વિદ્યાર્થીઓ મુંઝવણમાં દેખાયા હતા. કેટલાક પ્રશ્નોને લઇને વિદ્યાર્થીઓ ગુંચવાઈ ગયા હતા. જો કે, હોશિયાર અને કુશળ વિદ્યાર્થીઓને પ્રશ્નપત્રો સરળ લાગ્યા હતા. આવતીકાલના પેપરમાં પણ આવી સ્થિતિ ન થાય તે માટે વિદ્યાર્થીઓ વધુ સાવધાન થઇ ગયા છે અને આજે સમય બગાડ્યા વગર તૈયારીમાં વિદ્યાર્થીઓ વ્યસ્ત રહ્યા હતા. એક બાજુ ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓ વિવિધ પ્રકારના દાખલાઓની પ્રેક્ટિસમાં વ્યસ્ત રહ્યા હતા જ્યારે વિજ્ઞાનના વિદ્યાર્થીઓ પણ વિજ્ઞાન પ્રવાહમાં ગણિતના વિષયને લઇને સાવચેત રહ્યા હતા. કારણ સ્કોરિંગ વિષય હોવાથી સમગ્ર પરિણામ ઉપર તેની અસર થનાર છે. ધોરણ ૧૦ અને ૧૨ બંનેમાં ગણિતના પેપરને લઇને વધુમાં વધુ માર્ક લેવા માટે વિદ્યાર્થીઓ સજ્જ દેખાયા હતા. બીજી બાજુ સામાન્ય પ્રવાહમાં ઇકોનોમિક્સના પેપરમાં કોઇ પ્રશ્ન છુટી ન જાય તે માટે વિદ્યાર્થીઓ લાંબા પ્રશ્નપત્રો હલ કરવાને લઇને વ્યસ્ત રહ્યા હતા. અર્થશાસ્ત્રનું પેપર હંમેશા લાંબુ પુછવામાંઆવે છે.

સીસીટીવી કેમેરા અને ટેબલેટની બાજનજર હેઠળ આજે પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં યોજાઈ હતી. સમગ્ર રાજયમાં ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાનો પ્રારંભ ૧૨મી માર્ચના દિવસે થયો હતો. ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ એક દિવસનાં વિરામ બાદ ફરી મુખ્ય વિષયોની પરીક્ષા આપવા માટે તૈયારી કરી ચુક્યા હતા.

# આર.એન. પટેલ શાળામાં માર્ગદર્શન શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૧૫

સેકટર-૨૩ સ્થિત આર.એન. પટેલ પ્રાયમરી શાળામાં તા. ૨ અને ૩ માર્ચના રોજ ધોરણ-૧ અને ૨ના બાળકોના માર્ગદર્શન શિબિરનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ધોરણ-૧ની વિદ્યાર્થીની પ્રજાપતિ ખુશી એ ગણપતિ શ્લોકથી શરૂઆત કરી ત્યાર પછી હોળીના વિષય ઉપર પ્રહલાદ, હિરણ્યકશ્યપ અને નરસિંહ ભગવાનના પાત્રોદ્વારા, માઈમ, નાટક, વિવિધ ડાન્સ રજુ કરવામાં આવ્યા હતા. તેનો મહિમા સમજાવ્યો હતો હોળીના તહેવારમાં પાકા રંગો ન વાપરવા સૂચન કર્યું. ગુલાલથી તિલક કરી હોળી રમવાની પધ્ધતિ અંગે માર્ગદર્શન આપ્યું હતું. શિક્ષકો દ્વારા અભ્યાસ/વાર્ષિક પરીક્ષાને લગતી માહિતી અને વિદ્યાર્થીઓના ઘડતર માટે વાલીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. બાળકોનો અભ્યાસ વધુ સરળ બને તે માટે સૂચન શાળા શિક્ષકો દ્વારા અને સુપરવાઈઝરો દ્વારા આપવામાં આવ્યા હતા ઉપરાંત પરીક્ષાલક્ષી વાર્તાલાપ વાલીઓ સાથે કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓને ઈનામરૂપે હોળીના તહેવાર અને આરોગ્યને ધ્યાનમાં રાખી પિચકારી અને ફ્રુટનું વિતરણ શાળા તરફથી કરવામાં આવ્યું. માર્ગદર્શન શિબિર સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. પોતાના બાળકોના સર્વાંગી વિકાસ જોવા વાલીગણે ઉપસ્થિત રહી બાળકોના ઉત્સાહમાં વધારો કર્યો હતો. ધોરણ-૧ અને ૨ના તમામ બાળકોને અવનવી વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા સ્ટેજ કાર્યક્રમો તૈયાર કરાવી અત્યારથી જ સ્ટેજ ફિયર દુર કરવામાં આવ્યો છે. બાળકોને મુકત વાતાવરણ પુરું પાડવામાં આવ્યું હતું.

# એફએસએલ યુનિ. દ્વારા આંતરરાટ્રીય સાઈબર સિક્યોરીટી અંતર્ગત બે દિવસીય સેમીનાર

ગાંધીનગર, તા. ૧૫

દિનિયાભરમાં સાઈબર એટેકનું પ્રમાણ અને જોખમ સતત વધી રહ્યું છે.વિશ્વમાં ઈન્ટરનેટના વપરાશમાં દ્વિતીય નંબર ધરાવતા ભારત દેશના સાઈબર નેટવર્ક ઉપર પણ એટેકનું જોખમ વધી રહ્યું છે, ત્યારે આવા સાયબર એટેકના ભય પર અને તેના નિવારણના ઉપાયોના ઉમદા આશયથી આજથી ગાંધીનગરના આંગણે આવેલી ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટી દ્વારા બે દિવસીય આંતરરાષ્ટ્રીય સાઈબર સિક્યોરીટીના સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ સેમિનારને આજરોજ ગૃહ રાજયમંત્રી શ્રી રજનીકાન્ત પટેલના હસ્તે ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

સમય સાથે જેમ પરિવર્તન આવે છે, તેમ ટેકનોલોજીમાં પણ સતત પરિવર્તન આવી રહ્યું છે. આજે ભારત દેશમાં ઈન્ટરનેટ વાપરનારાઓની સંખ્યામાં ૨૪૩ મિલિયન છે. આપણો દેશ ડિઝીટલ ઈન્ડિયા તરફ આગળ વધી રહ્યો છે. ટેકનોલોજીના માધ્યમથી આજનો યુવા વર્ગ ઈન્ટરનેટના માધ્યમથી જ્ઞાનનો ખજાનો સરળતાથી મેળવી રહ્યો છે. તેની સાથે સાથે તેના પર એટેકનો ભય પણ સતત તોળાઈ રહ્યો છે. વિશ્વમાં સાયબર ક્રાઈમ ખૂબ જ ઝડપથી વધી રહ્યો છે. ઈ-ગવર્નન્સને સાર્થક કરવા માટે સાયબર ક્રાઈમને અટકાવવો ખૂબ જરૂરી છે. સાયબર ક્રાઈમને અટકાવવા અને તેને બનતો રોકવા તેમજ અન્ય મહત્વની બાબતો પર આજથી બે દિવસીય સાયબર સિક્યોરીટી સેમિનારમાં વિષય તજજ્ઞો દ્વારા મનોમંથન કરવામાં આવશે.

વધુમાં તેઓએ કહ્યું હતું કે, ગુજરાત રાજયમાં નિર્માણ પામેલ ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટીમાં એશિયામાં પ્રથમ વખત સાયબર ક્રાઈમને રોકવા માટેના કોર્ષ શરૂ કરવામાં આવ્યા છે.

આજથી આરંભ થયેલ સાયબર સિક્યોરીટીના સેમિનારમાં સાઈબર એટેક ઓન પાવર એન્ડ યુટિલિટીજ કરન્ટ ટ્રેન્ડ કી ચેલેન્જ એન્ડ સોલ્યુશન્સ, સાઈબર એટેક ઓન ટેલિ કોમ્યુનિકેશન એન્ડ બેંકિંગ, સાઈબર એટેક ઓન ટ્રાન્સપોર્ટ એન્ડ ડિફેન્સ મુદ્દે ખાસ ચર્ચા કરવામાં આવનાર છે. સાથે સાથે કયા મુદ્દે તકેદારી રાખવાથી સાઈબર એટેકથી બચી શકાય તે અંગે ખાસ માર્ગદર્શન આપવામાં આવશે. આ સેમિનારમાં સાઈબર થ્રેટ, સાઈબર રીસ્ક મેનેજમેન્ટ, મેનેજીંગ સાઈબર, આઈડેન્ટીટી થેફ્ટ, સાઈબર ક્રાઈમ જેવા અનેક પાસા આવરી લેવામાં આવ્યા છે.

આ બે દિવસીય સેમિનારમાં અમેરિકી પ્રમુખના નિવૃત્ત સાઈબર સુરક્ષાના સલાહકાર હાવર્ડ સ્મીટ સહિત ઓસ્ટ્રેલિયા, ઈંગ્લેન્ડ, ફિનલેંડ, સિંગાપુર વગેરે દેશોના સાઈબર સિક્યોરીટી નિષ્ણાતો પોતાના મંતવ્યો રજુ કરશે. તે ઉપરાંત ભારત દેશના બેંકના અગ્રણી, આઈઆઈટી, આઈઆઈએસસી, આઈ.ટી. કંપનીના સીઈઓ, ન્યાયાધીશો સહિત અનેક વિષય નિષ્ણાંતો આ



સેમિનારમાં ભાગ લઈ પોતાના વિચારો પણ કરનાર છે.

સેમિનારના આરંભ પ્રસંગે ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીના ડાયરેક્ટર જનરલ ડૉ. જે.એમ. વ્યાસે સર્વે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. સેમિનારનો વિષય પ્રવેશ અમેરિકી પ્રમુખના પૂર્વ સાઈબર સુરક્ષાના સલાહકાર હાવર્ડ સ્મીટે કરાવ્યો હતો. આભારવિધિ ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીના ડાયરેક્ટર ડૉ. એમ.એસ. દહિંયાએ કરી હતી.

આ પ્રસંગે ફીનલેન્ડ એમ્બેસીના રાજદૂત આપો પોલ્હો, કોડેનોમાઈકોનના સી.ઈ.ઓ. ડેવીડ આર્ટિઅર, રાજ્યના ગૃહ વિભાગના સચિવ એમ.એસ. મલિક સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતા.

# પ્રલોભનને આધારે સંમતિ થઇ હોય તો તેવા કરારો એ ભલે પુખ્ત વયની સ્ત્રીએ કરેલા હોય તેવા કરારો વ્યર્થ છે

## મહિલા સમાજ અને કાયદા

- ડૉ. ભાવના કે. જોશીપુરા

આપણે ઘણા સમયથી મહિલા સંદર્ભેના અલગ અલગ કાયદાઓ વિશે ચર્ચા કરી રહયા છીએ. ખાસ કરીને લગ્ન વિષયક તકરાર સંદર્ભે કાયદાની સાથે સામાજિક સ્થિતિ અંગે પણ આપણે ચર્ચા કરીએ. આજથી ૨૫ વર્ષ પહેલા જે પ્રકારની લગ્નવિષયક તકરાર હતી તે બાબતે જોઈએ તો, નાની-નાની બાબતમાં કચકચ, સાસુ વહુની વચ્ચેના કજિયાઓ, પુત્રવધુને ઘરમાં સ્વતંત્રતાનો અભાવ, ઘરની બહાર એકલા ન જવા દેવું, ઘરમાં મનગમતી વાનગી બનાવી ન શકે અને ખાઈ પણ ન શકે, પોતાનો માતાપિતાને પુત્રવધુ ફોન પણ ન કરી શકે અને ખાસ કરીને પિયર પક્ષના સાસરીના ઘરે આવે તો, પોતાના પિયર પક્ષના સાથે મોકળા મને એટલે કે ખુલ્લા દિલે વાત પણ ન કરી શકે આવી નાની-નાની બાબતો માંથી લગ્નવિષયક તકરાર ઉભી થતી જોવા મળતી. આવી તકરારો જે નાની અને પરચૂરણ બાબતોની જો આપણે યાદ તૈયાર કરીએ તો આખી કોલમ ભરાઈ જાય નાની અને પરચૂરણ બાબતો માંથી પતિ અને પત્નિ વચ્ચે વિખવાદ ઉભો થતો જોવા મળતો.

સમય જતા, સંજોગો બદલાતા, તકરારના સ્વરૂપમાં પણ ફેરફાર આવ્યો છે. પરીમાણો બદલાતા પરિણામો પણ બદલાય છે. આજની મોટાભાગની પુત્રવધુ નાનું કે મોટું કામ કરતી જોવા મળે છે. કુલ વસ્તીના આશરે ૭૮ ટકા સામાજિક ક્ષેત્ર છે અને તે રીતે જોતા કારમી મોંઘવારીમાં માત્ર એક વ્યકિતની આવક પર કુટુંબનું ગુજરાત શકય જ નથી. મહિલાઓ જે ઘરે બેસીને કામ કરે છે તેનો વર્ગ પણ ખૂબ મોટો છે. કુલ વસ્તીના ૯૧ ટકા અસંગઠિત અશ્રમિકો છે તેમાં ૫૦ ટકા મહિલાઓ છે. માત્ર ૮ થી ૯ ટકા જ વર્ગ સ્થાયી કામ સાથે જોડાયેલો છે. આ કોલમમાં લખવાનો હેતુ એ છે કે જયારે ૭૮ ટકા સામાજિક ક્ષેત્રો છે તે પૈકી ૩૫ ટકા ગરીબીની રેખા નીચે જીવવાવાળો વર્ગ છે. આશરે ૪૩ થી ૪૫ ટકા લોકો એ મધ્યમ વર્ગના છે. જે લોકો લાફો મારીને ગાલ રાતો રાખે છે. જે લોકો કોઈપણ સંજોગોમાં માનવીને જીવન ગુજારી શકતા નથી. આ પ્રકારના લોકો પૈકી લગભગ મોટા ભાગની મહિલાઓ ઘરે બેસીને કે ઘર બહાર નાનું મોટુ કામ કરવા પ્રેરાય છે. આજના યુગમાં જો પુત્રવધુ જો કામે જતી હોય તો બાળકોને સાચવવાની જવાબદારી એ સાસુ જ સુપેરે નિભાવે છે. એટલે ઘર બહાર જવા ન દેવું સ્વતંત્ર રીતે જીવવા ન દેવું. આવા બધા પરચૂરણ પ્રશ્નો મોટાભાગે નથી. હા, કેટલોક વર્ગ એવો ખરો કે પોતાની પત્નિને પત્નિના ચોઈસ મુજબના કામમાં પણ નહિ પોતાની પસંદગી મુજબ કામ કરવાનું માનતો હોય છે. આજના યુગમાં પતિ પણ શિક્ષિત છે, સામાન્ય માહિતગાર હોય છે અને તેથી જીણી અને પરચૂરણ સમસ્યાઓ પોતાની રીતે જ સુલજાવવાનો પ્રયત્ન કરતી હોય છે.

સામાન્ય વિષમસ્થિતિ હોવાને કારણે સામાજીક, આર્થિક બાબતોને લઈને પણ લગ્નવિષયક સમસ્યા ઉભી થાય છે. તેમ કહુ તો પણ કંઈ ખોટુ નથી. એક બાજુ એવો વર્ગ છે કે જેના બે છેડા માંડ માંડ ભેગા થતા હોય તેના કારણે પ્રશ્ન ઉભા થાય છે. વ્યવસાયલક્ષી બહેનોની પણ પોતાની આગવી સમસ્યાઓ છે. ઘર અને ઘર બહાર બેવડી જવાબદારી નિભાવતી સ્ત્રી કયારેક પતિ સાથે જેટલો સમય પસાર કરવો જોઈએ તે કરી શકતી નથી. લગ્નેતર સંબંધોની સંદર્ભે અનેક સમસ્યા જોવા મળે છે.

મલ્ટીમિડિયાનો વધુ પડતો ઉપયોગ નાનપણથી જ બાળકોને દ્રશ્ય શ્રાવ્ય માધ્યમનું વળગણ અને તે બાબતને લઈને નાની વયે ગેરમાર્ગે દોરી જવું, દુર્વ્યયી ભપકાને કારણે, ભપકાથી અંજાઈ જવાને કારણે મોટી ચોરી, લૂંટ વગેરે જેવી બાબતો ને બાળકોનો થતો દુરઉપયોગ તો વિશાળ દ્રષ્ટિએ જોઈએ તો, મહિલાઓ અને સ્ત્રી-બાળકીનો ગેરકાયદે વેપાર જેવા અનેક પ્રશ્નો આપણી સામે પડકાર થઈને ઉભા છે. હજી બે દિવસ પહેલા એક ભાઈ મળવા આવ્યા અને લગ્ન કરારથી થઈ શકે તેવી બાબત પુછતા હતા? લગ્ન કરારથી થઈ જ ન શકે એવો જવાબ સાંભળીને પોતે કરારથી કરેલા લગ્નની એક નકલ મને બતાવી. લોકો જાતે કાયદાનું અર્થઘટન કરે અને પોતાને મનને સારુ લાગે તે રીતે અર્થઘટન કરી જાણે કાયદો હાથમાં લેતા હોય તેવું લાગે છે. અનેક લોકોએ આવા કરારો એટલે કે લગ્નવિષયક કરારો એ કાયદેસર છે કે કેમ તે જાણવા કોશીશ કરી છે. તો ચાલો એ સંદર્ભે થોડું જાણીએ,

કરારના ત્રણ પ્રકારો છે. (૧) કાયદેસરની માન્યતાવાળો કરાર, આવા કરારો ખાસ કરીને મિલકત વિષયક બાબત સંદર્ભમાં, કોઈ વસ્તુની લેતીદેતી સંદર્ભમાં એમ થઈ શકે. પરંતુ લગ્ન સંદર્ભમાં માત્ર ૧૦૦ રૂપિયાના સ્ટેમ્પ ઉપર લખવાથી કોઈ કરાર થઈ શકે નહીં. હિન્દુ લો માં લગ્ન એ સંસ્કાર છે. કોઈપણ વ્યકિતના જન્મથી મૃત્યુ સુધી અલગ અલગ ૧૬ સંસ્કારોની બાબત જે સૌ જાણે છે તે પૈકી એક સંસ્કાર એ લગ્ન સંસ્કાર છે. ખાસ કરીને બીજી બાબત એટલેકે વ્યર્થ કરારો અને ત્રીજી બાબત એટલે વ્યર્થ જવાલાયક કરારો. એવા પણ કેસો જોવા મળે છે કે સગીર વયની દિકરી ઘરથી નિકળી જાય આવી સગીર વયની દિકરીનું સોગંદનામુ કરવામાં આવે કે તેણી પુખ્ત વયની છે. અને આવા સોગંદનામાને આધારે જો કોઈ લખાણ કરવામાં આવે કે એમાં પુખ્યવયની છે તે આધારે કરવામાં આવે તો આવા પ્રકારના કરાર વ્યર્થ છે. કાયદા મુજબ સગીર સ્ત્રી કરાર કરી શકે નહીં. સગીર વયની કોઈપણ વ્યકિત એ મુકત સંમતિ આપવા શકિતમાન નથી. સગીરવયની દિકરી હોય કે દિકરો હોય તેના કુદરતી વાલી એ તેના જન્મદાતા માતાપિતા છે. જયારે જન્મદાતા માતાપિતા ન હોય ત્યારે તેના વાલી નિમવાની પણ અરજી થઈ શકે છે. આપણે ગાર્ડીયન એન્ડ વોર્ડસ એકટ અંગે ભવિષ્યમાં અભ્યાસ કરવાના છીએ. હિન્દુ દતક વિધાનનો કાયદો પણ અસ્તીત્વમાં છે. આમ જોઈએ તો સગીરે કરેલા કરારો કાયદા માન્ય ગણતા નથી પરંતુ સગીર સ્ત્રીએ કરેલા કરારો જો શિક્ષણ સંદર્ભેના હોય અથવા તો સગીરના લાભ સંદર્ભે કરેલા હોય તો કેટલાક સંજોગોમાં કાયદાએ માન્ય ગણ્યા છે. મહદ્‌અંશે સગીર કરાર કરી શકતો નથી.

કેટલીકવાર એવું બને કે સ્ત્રી પુખ્ત ઉમરની થાય તેની સાથે બળજબરી કરી, તેને ફોસલાવી, તેણીને લલચાવી, તેણીની સાથે કપટ કરવી અથવા તેણી ઉપર પ્રભાવ ઉભો થાય તે રીતે તેની સાથે કરાર કરવામાં આવ્યો હોય પરંતુ જે સંમતિ બળજબરીપૂર્વક હોય, લાગવગથી થયેલી હોય, કપટ પૂર્વક થયેલી હોય, એટલે કે તેણીની મુકત સંમતિ ન હોય પરંતુ પ્રલોભનને આધારે સંમતિ થઈ હોય તો તેવા કરારો એ ભલે પુખ્ત વયની સ્ત્રીએ કરેલા હોય તેવા કરારો વ્યર્થ જવા લાયક છે.

કરારો બાબતમાં અનેક લોકોએ ખુબજ જાણવા ઉત્સુકતા દર્શાવી છે ખાસ કરીને એવા પ્રકારના કરારો એ વ્યર્થ ગણી શકાય? શું લગ્નવિષયક કરારો કાયદેસર ગણી શકાય? આ બધી બાબતો સમજવા અને ખોટા કરારો થતા રોકવા કાયદાકીય જાગૃતિ સંદર્ભે મળીએ આવતા અંકે...